# પશુ વિજ્ઞાન કેન્દ્ર
# એક પરિચય

AAU
कृणवन्तो राष्ट्रं कृषिसंपन्नम्



**પશુ વિજ્ઞાન કેન્દ્ર, લીમખેડા**
**આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર**
**આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા - ૩૮૯ ૩૮૦**

પશુ વિજ્ઞાન કેન્દ્ર એ પશુપાલન ક્ષેત્રે થતા સંશોધનો પશુપાલકો સુધી પહોંચાડવાનું અગત્યનું માધ્યમ છે. આપણા દેશમાં કૃષિ અને તેને સંલગ્ન ક્ષેત્રોમાં સંશોધન કાર્ય કરવા માટે વિવિધ કૃષિ વિશ્વવિદ્યાલયો તેમજ તેના કેન્દ્રો કાર્યરત છે. આ કેન્દ્રો દ્વારા સંશોધન થયેલ તજજ્ઞયતાઓ ખેડૂતો સુધી પહોંચાડવા આખા ભારતમાં દરેક રાજ્યોના પ્રત્યેક જીલ્લામાં  કૃષિ વિજ્ઞાન કેન્દ્રો આવેલા છે. પરંતુ આવું પશુ વિજ્ઞાન કેન્દ્ર આખા ભારતમાં કયાંય નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તથા પશુપાલકો નવીન તજજ્ઞતાની જાણકારી તેમજ પશુપાલનમાં ઉદ્‌ભવતા પ્રશ્નો અને સમસ્યાઓનો ઉકેલ મેળવી શકે તેવા આશયથી ગુજરાત સરકારશ્રી દ્વારા ૧૨ મી પંચવર્ષિય યોજનામાં આખા દેશમાં પ્રથમ એવું પશુ વિજ્ઞાન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટીમાં દાહોદ જીલ્લાના લીમખેડા ખાતે મંજૂર કરવામાં આવેલ છે.

સને ૨૦૧૨થી પશુ વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃત્તિઓ આણંદ કૃષિ યુનિવર્સિટીના દેવગઢ બારીયા કેન્દ્રથી ચાલુ કરવામાં આવેલ છે. ટૂંક સમયમાં લીમખેડા ખાતે સરકારશ્રી દ્વારા જમીન ઉપલબ્ધ થતા પશુપાલકોને તાલીમ આપવા માટે જરૂરી તમામ સુવિધાઓ જેવી કે કલાસરૂમ, પશુપાલકોને તાલીમ દરમ્યાન રહેવા માટે છાત્રાલય વગેરે પશુપાલકોને વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. પશુપાલકોને કામ કરતા કરતા શીખવું અને જોઈને માનવું ના સિદ્ધાંત આધારિત પ્રત્યક્ષ જ્ઞાન આપવા કેન્દ્ર ખાતે શૈક્ષણિક/નિદર્શન ફાર્મ પણ બનાવવામાં આવશે.

**મુખ્ય હેતુઓ :**

પશુ વિજ્ઞાન કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ મજબૂત તાલીમ કાર્યક્રમોના આધારે પશુઓનું ઉત્પાદન વધારવાનો છે.

આ કેન્દ્રના મુખ્ય હેતુઓ :

- આદિવાસી વિસ્તારના પશુપાલકો, મહિલાઓ તેમજ યુવાનોને પશુપાલન, મરઘા ઉછેર વગેરેનું વિસ્તારને અનુરૂપ હુન્નર શીખવાડવા મોડેલ સેન્ટર બનાવવું.
- પશુપાલકો, મહીલાઓ અને યુવાનો માટે ટૂંકા તેમજ લાંબા ગાળાના પશુપાલનની નવીનત્તમ તજજ્ઞતાઓ વિષે તાલીમ કાર્યક્રમો યોજવા જેથી પશુઓની ઉત્પાદકતા અને તેમની સ્વરોજગારી વધારી શકાય.
- પશુપાલનની નવીનત્તમ તજજ્ઞતાઓ અંગેના પ્રતીભાવો તેમજ તેની ઉત્પાદકતાની જાણ માટે પ્રથમ હરોળ નિદર્શનો યોજવા.
- પશુપાલકોને પશુઓનું સ્વાસ્થ્ય અને ગુણવત્તા યુક્ત ઉત્પાદકતા વિષે જાગૃતી લાવવા માટે કેટલકેમ્પ, સ્વચ્છ દુધ હરિફાઈ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવું.
- પશુપાલકોને નવીનત્તમ તજજ્ઞતાઓની અમલવીરમાં પડતી મુશ્કેલીઓ જાણી સ્થાનીક પરિસ્થિતિને અનુરૂપ ટકાઉ પશુપાલન પદ્ધતિઓ વિકસાવવા માટે પશુપાલન તજજ્ઞતાઓની પશુપાલકોના પશુઓ પર અખતરા યોજી તેની ચકાસણી કરવી (ઓન ફાર્મ ટેસ્ટિંગ)
- નફાકારક પશુ ઉત્પાદન માટે સ્થાનીક પરિસ્થિતિને અનુરૂપ ખોરાકીય ઘટકોનો ઉપયોગ કરી બેલેન્સ ફીડ તૈયાર કરવા માટેની સમજ આપવી.

➲ પશુપાલકોની તજજ્ઞતાના પ્રચાર-પ્રસાર માટે સાહિત્યનું પ્રકાશન કરવું.

## પશુ વિજ્ઞાન કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ :

### ૧. પશુપાલકો મહિલાઓ તેમજ યુવાનો માટે ટૂંકા તેમજ લાંબા ગાળાના તાલીમ કાર્યક્રમો :

તાલીમ કાર્યક્રમો આયોજન કરવાનો મુખ્ય હેતુ નવુજ્ઞાન પરૂ પાડવાનો તેમજ કાર્યકુશળતાનો વિકાસ કરવાનો છે. આવા તાલીમ કાર્યક્રમો દ્વારા પશુપાલકો, મહિલાઓ તેમજ યુવાનો વગેરે અદ્યતન તજજ્ઞતાઓ જાણી તેને અપનાવવા માટેજરૂરી કાર્યકુશળતા મેળવી શકે છે. વધુમાં આવી તજજ્ઞયતાઓ તરફ તાલીમ દ્વારા વૈજ્ઞાનિક અભિગમ પણ કેળવાય છે. આ ઉપરાંત જમીન વિહોણા ખેડૂતોને પશુપાલન વ્યવસાયમાં સાંકળી તેઓ સ્વરોજગારી દ્વારા આત્મનિર્ભર થઈ શકે તે માટેના પણ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે.





### ૨. પ્રથમ હરોળ નિદર્શનો :

પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજવામાં આવતા પ્રથમ હરોળ નિદર્શનોનો મુખ્ય હેતુ નવી ભલામણ કરેલ પશુપાલન તજજ્ઞતાઓને પશુપાલકોના પશુ ઉપર નિદર્શિત કરવાનો છે. આ તજજ્ઞતાઓ તેનો ફેલાવો થતા પહેલા પ્રથમ વખત પશુપાલકના પશુ ઉપર નિદર્શિત કરવામાં આવે છે. પ્રથમ હરોળ નિદર્શનોની સાથે સાથે પશુપાલક દિન, ચર્ચા સભા, ક્ષેત્ર મુલાકાત, નિદર્શન સભા જેવા વિવિધ કાર્યક્રમો સમયાંતરે યોજી ખેડૂતોને જોઈને માનવુંના સિદ્ધાંત દ્વારા નવિનત્તમ તજજ્ઞતાઓની માહિતીનો પ્રસાર-પ્રચાર કરવામાં આવે છે.

### 3. કેટલ કેમ્પ :



પશુઓની તંદુરસ્તી પ્રજનનક્ષમતા અને ઉત્પાદકતા વધારવા વિનામૂલ્યે જાતીય આરોગ્ય સારવાર કેમ્પ, વંધ્યત્વ નિવારણ સારવાર કેમ્પ, રસીકરણ, ખસીકરણ, કૃમિનાશક દવાનું વિતરણ, મિનરલ મીક્ષરનું વિતરણ વગેરે કામગીરી કરવામાં આવે છે.

### ૪. ઓન ફાર્મ ટેસ્ટિંગ :

નવી ભલામણ કરેલ પશુપાલન તજજ્ઞતાઓને સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ, પશુપાલકોના વિચારો અને દષ્ટિકોણ તેમજ તેમના અનુભવોને ધ્યાને લઈ જરૂરી સુધારા વધારા કરવા માટે સંશોધનના અખતરા પશુપાલકોની પશુ ઉપર પશુપાલકો દ્વારા વૈજ્ઞાનિકોની મદદથી ગોઠવવામાં આવે છે. આમ નવી ભલામણ કરેલ પશુપાલન તજજ્ઞતાઓ અપનાવવા પશુપાલકોની મુશ્કેલીઓ દૂર કરવાના આશયથી તેમજ જે તે વિસ્તારના પશુપાલન પ્રશ્નોનું નિરાકરણ લાવવાના આશયથી અખતરા યોજવામાં આવે છે. આ અખતરાઓ દ્વારા જે પરિણામો હાંસલ થાય તે જે-તે વિસ્તાર અને પરિસ્થિત માટે સૌથી વધુ અનુરૂપ રહે. આમાં પ્રાપ્ત થયેલ પરિણામો વિવિધ વિસ્તરણ

પ્રવૃત્તિઓ દ્વારા પશુપાલકો સુધીં પહોંચાડવામાં આવે છે.


**૫. અન્ય વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓ :**


પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પશુપાલકો અને ગ્રામ્ય સમુદાયને ઉપયોગી એવી પશુપાલન તજજ્ઞતાઓ તેઓ સુધી પહોંચાડી તેઓ અપનાવે તે માટે વિવિધ વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો જેવા કે પશુપાલક પ્રેરણા પ્રવાસ, ક્ષેત્રદિન, પરિસંવાદ, પશુમેળો, પશુપાલકના તબેલાની મુલાકાત, ચર્ચા સભા, પશુપાલનગોષ્ઠિ, ફિલ્મ શો વગેરે યોજવામાં આવે છે. પશુપાલમાં તજજ્ઞતાના પ્રસાર-પ્રચાર માટે સાહિત્યનું પ્રકાશન કરી પશુપાલકોને વિના મૂલ્યે આપવામાં આવે છે. તેમજ પશુ વિજ્ઞાન કેન્દ્રના વિષય નિષ્ણાતો દ્વારા પશુપાલકોને ટેલિફોનથી પણ માર્ગદર્શન આપવામાં આવે છે.





આ પશુ વિજ્ઞાન કેન્દ્ર ઉપર તજજ્ઞો પાસેથી રૂબરૂ અથવા તેમને સ્થળ ઉપર મુલાકાત માટે બોલાવી માહિતી લઈ શકે છે. કેન્દ્રથી દૂરના પશુપાલકો કે જેઓ કેન્દ્રના નિષ્ણાંતોની વારંવાર પ્રત્યક્ષ મુલાકાત ન લઈ શકે એમને પત્રો દ્વારા તેઓના પ્રશ્નો પૂછે તો તેઓને જવાબ પત્ર વ્યવહાર દ્વારા આપવામાં આવે છે અને જ્યારે પ્રશ્ન મોટા પાયે આખા ગામ કે વિસ્તારને સ્પર્શતા હોય તો પશુપાલકોની મુલાકાત લઈ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે.

આ કેન્દ્ર ખાતે પુસ્તકાલયની પણ વ્યવસ્થા છે. જેમાં વિવિધ વિષયો ઉપર ઉંડાણમાં અભ્યાસ કરવા માટેના પુસ્તકો પશુપાલનની વિવિધ માહિતી દર્શાવતી પત્રિકાઓ તથા અન્ય લેખિત સામગ્રી પણ એકઠી કરવામાં આવે છે. જેનો લાભ રસ ધરાવતા પશુપાલકો લઈ પોતાનું જ્ઞાન વધારી પોતાના વ્યવસાયને વધુ અસરકારક અને ગુણવત્તાસભર બનાવી શકે છે. આમ પશુ વિજ્ઞાન કેન્દ્ર એ પશુપાલન વ્યવસાયોના વિકાસ માટે એક પશુપાલન મંદિર સમું કેન્દ્ર છે.





















**ડો. સફી વહોરા**
**સહ પ્રાધ્યાપક, પશુ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ, દેવગઢબારીયા**